# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

યાદ તારી મારા મનને હસતું રમતું રાખે છે,
'પ્રેમ' તારી હૂંફ લોહીને હરતું ફરતું રાખે છે.

છે ભલેને લાખ બંધન એની પણ કાયાને,તોય
આયનામાં સામે ઊભી હળવું મળવું રાખે છે.

આપે છે સંતાપ દુનિયા તોય માફી આપે છે,
આમ એ જીવનને કેવું હળવું હળવું રાખે છે.

શ્વાસ તારા શ્વાસ મારા એક થયાનો નાદ છે,
કોણ આવું બંને બાજું ગમતું ગમતું રાખે છે?

- કાજલ કાંજિયા

## પાથેય

# હૈયાધારણની હામ..

- રમેશ ઠક્કર

જીવન ચલને કા નામ..એનું ચાલકબળ ગતિ છે..એનો એક લય હોય છે.એ પકડાય છે એક ધબકાર સાથે.બાહય રીતે જોઇએ તો માણસને જીવાડનાર ચીજો ભૌતિક જ છે એવું લાગે.આપણી અંદર જે તરવરાટ ભરેલો છે એને સધિયારો પામવો હોય છે કોઇક. ના નિર્મળ સ્નેહનો ! ચહેરા ઉપરનું સ્મિત કે મલકાટ કોઇકની યાદના પ્રતિભાવ હોય છે..આપણા શરીરનું જે રૂધિરાભિસરણ છે એમાં જે જીવંતપણું અનુભવાય છે એનું પ્રેરકબળ પ્રેમ હોય છે.કવિ કે પ્રેમી આ વાત સહજભાવે જાણે છે..કવિ એને શબ્દો થકી ઉજાગર કરે છે..પ્રેમી એના ભાવો થકી વ્યકત કરતો રહે છે.

સંબંધના તાર સિવાય બાકી બધું નિરાધાર છે...માનવ સંબંધોની એક મજા છે;એ નથી તો જીવન ચોક્કસ એક સજા છે..કોઇકનો નિર્વ્યાજ પ્રેમ પ્રાપ્ત થાય એ ઇશ્વરના સાક્ષાત્કાર કરતાં જરા પણ કમ નથી..ગોઠવાયેલા સંબંધો એ ફ્લાવરવાઝ ના ફુલો જેવા છે..એ ડ્રોઇંગરૂમના ડેકોરેશન જેવા હોઇ શકે..સાચા સંબંધ વગડાઉ ફુલો જેવા હોય છે..જે સહજતાની ધરતી ઉપર પનપે છે..દેહ ની માફક સંબંધોમાં પણ સ્થુળતા આવી જાય છે..ત્યારે એમાં અણગમાનું અદોદળાપણું અનુભવાય છે.. એને આત્મીયતાની એક્સરસાઇઝથી ફીટ રાખવા પડે છે..સંબંધો એ ઝાકળ જેવા હોય છે એવું તમે ઉચ્ચ પદો કે સફળતા પછીના બદલાતા સમયમાં અનુભવી શકો..નિષ્ફળતાનો ઓછાયો જયાં દેખાય ત્યાં જ મોટાભાગના સંબંધોનું બાષ્પીભવન થઇ જાય છે..ચંદ્રકાંત બક્ષી ના શબ્દો માં કહીએ તો 'જે હસી ને મળતા હતા એ, હવે મળીને હસે છે.." પણ એવું કહેવાય છે કે આ બધા પછી જે ટકે છે એ સંબંધ નું સાચું સ્વરૂપ હોય છે..એનો અર્થ એ થાય કે જયાં સુધી જીવનની તડકીછાંયડીનો અનુભવ ના થાય સંબંધોની માયાજાળ સમજવી મુશ્કેલ હોય છે..જે માણસ સંબંધને અકબંધ રાખી શકે છે એને બાકી કોઇ પ્રબંધની જરૂર પડતી નથી...માનવ સંબંધો મીણ જેવા મુલાયમ હોય છે. એને ઓગળી જતાં વાર નથી લાગતી...એને ઉષ્માસભર હુંફાળું આવરણ અકબંધ રાખી શકે છે...એની આવી નાજુકતા ને જોઇને જ ઉમાશંકર જોશીએ લખ્યું હશે કે..'માનવીના હૈયાને નંદવાતાં વાર શી? 'સંબંધની એક આગવી સુવાસ હોય છે...નીતરેલા નીર જેવા સંબંધોની તાજગી અનુપમ હોય છે. એમાં કોઇ વમળ આવી જાય તો કેવું લાગે ?સુરેશ દલાલ ના શબ્દોમાં 'જે સંબંધમાંથી ઉકળેલા પાણીનો સ્વાદ આવવા લાગે એમાં મજા નથી હોતી.. " સંબંધોમાં હંમેશાં ઉમેરણ હોય છે..આપણે એમાં ઉપરામણ શોધીએ છીએ...અને એટલે જ એ બટકી જાય છે...એ તુટી જાય તો એનું કોઇ રેણ નથી...વર્ષો સુધી એકધારા અકબંધ રહેતા રિલેશન પણ એક અજાયબી જેવા હોય છે...સંબંધ એટલે જતું કરવાની કળા...રિલેશન એટલે સેલ્ફ પ્રમોશન નહીં પણ નિર્દોષ ઇમોશન...અન્ય માટેની ઉદારતા એ સંબંધો ના વિકાસની પુર્વભુમિકા છે...સંબંધોની અનેક પેટર્ન છે...ડિઝાઇન છે..લે આઉટ છે..પણ એનો આત્મા એ કેવળ વિશ્વાસ હોય છે..


# પડદા પાછળની લોહીઝાણ વાસ્તવિકતા

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીનગરની સપ્તતારક હોટલ લીલા ખાતે કેન્દ્રના સંરક્ષણમંત્રીના 'વરદ' હસ્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દાયકાના શાસનની પ્રશસ્તિમાં વિવિધ સમુદાયોના અગ્રણીઓના લેખોના સંકલન મોદી@૨૦ના ગુજરાતી સંસ્કરણનું લોકાર્પણ યોજાઈ ગયું. રાજનાથસિંહ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા એ સમયગાળામાં જ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પૂર્વે પાર્ટી તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર ઘોષિત કરાયા હતા. કહો કે અડવાણીની આશાઓ પર પાણી ફેરવી દઈ ઉત્તરપ્રદેશના આ ક્ષત્રિય નેતા મોદીને ખભે ઊંચકીને દિલ્હી લઈ ગયા હતા. એ પછી યમુનામાં ઘણાં પાણી વહી ગયાં છે અને રાજનાથસિંહને મોદીના પહેલા કાર્યકાળ દરમિયાન સોંપાયેલું ગૃહખાતું મોદીના જમણા હાથ સમા ગુજરાતી નેતા અમિત શાહને સોંપાઈ ગયું છે. કાગળ પરની સિનિયોરિટી પૂરતા રાજનાથને 'નંબર - ટુ' ગણાવાય છે પણ એમને પોતાનેય ખબર છે કે હવે એમનો નિવૃત્તિકાળ બહુ નજીક છે. એમને ટકી રહેવું છે એટલે તેઓ નાગપુરનું સમર્થન ધરાવતા પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી જેવી સાહસિક ભાષા બોલી શકતા નથી. મોદી@૨૦ નું ગુજરાતી સંસ્કરણ લોકાર્પિત કરતી વખતે રાજનાથસિંહે દેશમાં ગાંધીજી પછી સૌથી મોટી હસ્તી તરીકે 'લોક ઈચ્છા' થી પ્રસ્થાપિત થયેલ મોદીને ગણાવીને એમની વફાદારીનો પુરાવો રજૂ કરી દીધો. અલબત્ત મોદીનાં ગુજરાત ખાતેનાં બાર વર્ષ અને કેન્દ્ર ખાતે આઠ વર્ષનો સમયગાળો એક ઐતિહાસિક સમયખંડ છે જેને 'મોદી યુગ' કહેવામાં ભાગ્યે જ કશી અતિશયોક્તિ લેખાશે. જરૂર લાગી ત્યાં રાજનીતિ અને જરૂર પડી ત્યાં કૂટનીતિ વાપરીને મોદી દરેક ચૂંટણી જીતતા રહ્યા છે એટલું જ નહીં, એમણે કરેલા સંકલ્પ મુજબ દેશના નકશા પરથી કોંગ્રેસના પંજાને ભૂંસતા રહ્યા છે. ઉત્તરપૂર્વમાં કોઈ કયારેય કલ્પના ન કરી શકે એમ ભગવો લહેરાવવામાં એ સફળ રહ્યા છે અને સાંસ્કૃતિક પુનરુત્થાનના પુરાવા તો ખંડિત આસ્થા સ્થાનકોના પુનઃસ્થાપન અને ભવ્ય પુનર્નિર્માણ સ્વરુપે આખી દુનિયાને આંજી રહ્યા છે. હિંદુ રાષ્ટ્રની વિભાનાના આડકતરી રીતે સંપન્ન કરવામાં મોદી જરૂર સફળ થયા છે અને એમના 'સુશાસન' દરમિયાન વધેલી ગરીબી, બેરોજગારી કે રૂપિયાનું અવમુલ્યનને નજર અંદાજ કરીને બહુમતી મતદાતા સમુદાય એમને ૨૦૨૪માં વધુ એક ટર્મ શાસનધુરા સોંપવા સહમત હોય એવું વાતાવરણ નિર્મિત કરી શક્યા છે. સૌથી મોટી સફળતા સ્વરુપે કાશ્મીરને અલગ દરજ્જો આપતી બંધારણની કલમ-૩૭૦ની નાબૂદીને આગળ ધરવામાં આવે છે. એ પણ સાચું ક કોંગ્રેસ અથવા એને સમર્થન આપતાં પ્રાદેશિક પરિબળો કયારેય આ સાહસિક કદમ ઉઠાવી શકે તેમ નહોતાં. દેશના મતદારો માટે આ એક જ પગલું (અને પાકિસ્તાન પરની ઍર સ્ટ્રાઈક) મોદીને અન્ય તમામ વડાપ્રધાનો કરતાં દશાંગુલ ઉફરા મૂકે છે. ખાટલે મોટી ખોડ એ છે કે જે કાશ્મીરને દેશનાં અન્ય રાજયો સાથે 'ઍટ પાર' લાવી દેવાયું છે ત્યાં કાશ્મીરી પંડિતોનું પુનર્વસન કરાવવામાં પ્રશાસન સદંતર નાકામયાબ રહ્યું છે. સરહદ પારની આતંકવાદી પ્રવૃત્તિ પર જરૂર નોંધપાત્ર નિયંત્રણ આવ્યું છે પણ કાશ્મીરમાં બિનકાશ્મીરી નાગરિકોની સલામતી સામે ભારે જોખમ સરજાયું છે. મજૂરી કરવા આવેલા બિહારીઓને નિશાન બનાવીને સ્થાનિક આતંકી પરિબળોએ એક આકરો સંદેશ વહેતો કરી જ દીધો છે. કાશ્મીરી પંડિતોની તો સાવ જ માઠી દશા બેઠી છે. આખો સમુદાય ફરી એક વખત કાશ્મીરી મુસલમાનોના લોહિયાળ સકંજામાં સપડાઈ ગયો છે. મોદી કે શાહ કે રાજનાથસિંહ આ પરિસ્થિતિની જવાબદારી ભલે ન સ્વીકારે પરંતુ નિર્દોષ હિંદુઓની બેરહેમ કતલ પછી ફક્ત દિલસોજી વ્યક્ત કરી દેવાથી કે વળતર ચૂકવી દેવાથી પરિવારના ઘા રૂઝાવના નથી. મોદી@૨૦ માં મોદીની આભ ઊંચી પ્રતિભાનાં પોંખણાં થયાં છે પરંતુ પડદા પાછળ કણસતી આવી કઠોર વાસ્તવિકતાને નજરઅંદાજ કરાઈ છે.

# ઍંશી વર્ષે અભિતાભ બચ્ચન

'અવાજ આકાશવાણી માટે એક વખત સ્વીકારાયો ન હોય અને આગળ જતા એ જ અવાજ એની ઓળખ બની હોય, સિનેમાને પડદે એ અવાજ જાદુ બનીને પથરાયો હોય, એવા અભિનેતા અમિતાભ બચ્ચન આયુષ્યનાં ઍંસી વર્ષે પણ હજી અડીખમ છે. સત્યજીત રાયની ફિલ્મ 'શતરંજ કે ખેલાડી' માં પણ એમનો અવાજ સાંભળવા મળે છે. આ સત્યજીત રાયે અમિતાભ સંદર્ભે એવું પણ કહ્યું હતું કે



હિન્દી સિનેમાએ અમિતાભની પ્રતિભા વેડફી નાખી છે, અમિતાભ બચ્ચનની એન્ગ્રી યંગમેનની ઈમેજને કારણે સત્યજીત રાય એવું કહેવા પ્રેરાયા હોય પણ અમિતાભની 'બ્લેક' 'પા' જેવી ફિલ્મો જોઈ હોય તો કદાચ સત્યજીત રાયનો અભિપ્રાય બદલાયો પણ હોત! અમિતાભ બચ્ચન આજે તો વિશ્વ સિનેમાની એક ઓળખ સમાન છે. 'કૌન બનેગા કરોડપતિ'નું સંચાલન એ જે માનવીય અભિગમથી કરે છે. એમાં પણ એમની કુશળતા દેખાય આવે છે. 'લગાન' ફિલ્મ જેટલાં લોકોએ જોઈ હશે એ અમિતાભના અવાજની મોહિની અનુભવી શક્યા હશે.

'ખુદા ગવાહ' ફિલ્મ પછી અમિતાભ બચ્ચને સારો એવો સમય વિરામ લીધો હતા. એ પછીની એમની બીજી યાત્રામાં એમણે 'પા', બ્લેક, પીકૂ, ૧૦૧ નોટ આઉટ, જેવી ઘણી સાર્થક ફિલ્મો કરી અને પોતાની અભિનય પ્રતિભા વધારે સારીરીતે પ્રગટ કરી. 'વિજય દીનાનાથ ચૌહાણ' અગ્નિપથ ફિલ્મનો આ સંવાદ એમની ઓળખ સમાન બની ગયો. વ્યક્તિગત રીતે મને અમિતાભ બચ્ચનની 'મેં આઝાદ હૂં' ફિલ્મ વધારે ગમી હતી.



મન-રંજન
દ્વનિલ પારેખ

આ ફિલ્મની જોઈએ એટલી નોંધ ન લેવાઈ પણ, અમિતાભ બચ્ચન 'આઝાદ'ની ભૂમિકા એમાં જીવી જાય છે. ફિલ્મ 'ખાખી'ના ઈન્સ્પેકટર તરીકે પણ એ સ્પર્શી જાય એમ છે.

આજે ઍંસી વર્ષે પણ અમિતાભ બચ્ચન અનેક રીતે સક્રિય છે. કામ કરવાની એમની ઊર્જા બીજા અનેક અભિનેતાઓને પણ શરમાવે એમ છે. 'ખૂશ્બુ ગુજરાત કી'માં એમનો અવાજ ગુજરાતના પ્રવાસન વિભાગને એક જુદી રીતે ગરિમા આપે છે. આજે પણ પોતાના કામ પ્રત્યે એટલી જ નિષ્ઠાથી એ સમર્પિત છે. ફિલ્મ ક્ષેત્રે અપાતો સર્વોચ્ચ પુરસ્કાર દાદા સાહેબ ફાળખેના સ્વીકાર વખતે એમણે કહ્યું હતું કે, આ પુરસ્કાર એમને નિવૃત્ત થવા માટે નથી આપવામાં આવતો ને ? અમિતાભ બચ્ચન સિનેમા ક્ષેત્રમાંથી કદી ન જ નિવૃત્ત થાય એવું આપણે સૌ ઈચ્છીએ અને હજી ઉત્તમ ફિલ્મો એમની પાસેથી મળે એવી અપેક્ષા રાખીએ.

# "માંગી બેસે પુરાવો નક્કર પ્રેમ કર્યા નો,
# ઘા હોય એટલાં કે પગ ઉપડે નહીં,
# ને જરાક ઠેસ વાગે ને ત્યાં ઢાળ આવે એમ પણ બને
# વલોવી દે વજુદ ને દરિયો થઈ ભ્રમણાઓ તોડવા
# ને ભીતર એકાદ ખૂણે જુવાળ પ્રગટે એમ પણ બને"....

પ્રેમ= જરૂરિયાત લાગણીસભર ક્રિયા.

મનની ગતિ સાથે, મનના વિચારો સાથે સંકળાયેલી ભાવના જે પોતાના પક્ષમાં હોય એ પ્રેમ?

શું પ્રેમની વ્યાખ્યા હોઈ શકે ખરી? આપણે ભલે હોશિયારી મારતા હોઈએ કે પ્રેમ એટલે આત્મા સાથે જોડાયેલ એને રંગ રૂપ સાથે લેવા દેવા નહીં. પહેલી નજરમાં થાય એ જ પ્રેમ, પ્રેમ એક જ વાર થાય છે, પ્રેમ કરવાનો હોતો નથી, એ તો થઈ જાય છે, અધઃ અધધ પ્રેમ વિશે લખવા બેસીએ તો પ્રેમ પુરાણ લખાઈ જાય, પણ આ બધું સત્ય અને સચોટ કેટલા અંશે? પ્રેમ એટલે સંભાળ, સ્નેહ અને લાગણી જેવી ક્ષણિક ભાવના જે સમય અને સંજોગો પર આધીન હોઈ શકે. હા સમય પર આધારિત.

એક્વાર કોઈનું બ્રેક અપ થઈ ગયું હોય, અને ફરી થી કોઈના પ્રેમમાં પડે તો," તું મારો પહેલો પ્રેમ છે એમ તો ના કહી શકે એટલે તું મારો આખરી પ્રેમ છે" એવું સ્ટેટમેન્ટ આપે. દરેકને સૌ પ્રથમ સુંદરતા જ આકર્ષિત કરતી હોય છે. પછીની બીજી બધી વાતો મન બહેલાવવાની.

પ્રેમની ઉંમર કેટલી? શું પ્રેમ અમર છે? પ્રેમ બિમાર હોઈ શકે, કાચી ઉંમર નો હોઈ શકે, પુખ્ત હોઈ શકે, પણ શું પ્રેમ ટકાઉ હોઈ શકે?

ના ભાગ્યે જ પ્રેમ ટકાઉ સાબિત થાય. આજે ગળાડૂબ પ્રેમ કરતો માણસ આજીવન હમેશાં આમજ ગળાડૂબ કરતો રહેશે?

ના, ખરા અર્થમાં જોઈએ તો પ્રેમની પરિભાષા સમય અને સંજોગો સાથે પરસ્પર જોડાયેલી છે. એક વ્યકિતના સપોટને કારણે બીજાનો થતો વિકાસ એ પ્રેમ છે. જ્યાં સુધી એકબીજાને ગમતું ગમતું થાય ત્યાં સુધી પ્રેમ. પ્રેમ એટલે સ્વતંત્રતા.જો થોડી પણ દખલગિરી થાય તો સાવ ઊંધુ.

જે ક્ષણે મરજી વિરુદ્ધ અથવા મનગમતું ના થયું એ જ ક્ષણે એ પ્રેમ ઓછો, જૂઠો અને કદાચ પ્રેમ નથી જ એવું પુરવાર થવા લાગે.

પ્રેમનો કોઈ જ આકાર નથી હોતો, પણ એની ભાષા ચોક્કસ હોય છે. પ્રેમ એ પરમાત્મા છે અને પરમાત્મા એ જ પ્રેમ છે, રોજિંદા લાઈફ સ્ટાઈલમાં આ ગહન વાત દિલમાં ઉતારવા આપણે એટલા સક્ષમ, એ લેવલના નથી.

એટલી સામાન્ય વ્યક્તિ રીતે કહું તો પ્રેમ એટલે -

પ્રેમએ માણસનું વર્તન, ભાવના અને લાગણીનો મિશ્ર સમૂહ છે, જેમાં વ્હાલ,હૂંફ અને વિજાતીય વ્યક્તિ પ્રત્યેની તીવ્ર લાગણીઓ સંકળાયેલ છે.પ્રેમ કોઈ વ્યકિતના શરીરને નહી પરંતુ આત્માને થાય છે. આવું આપણે સાંભળ્યું, માન્યું પણ હકીકતમાં આત્મા વિશે આપણું જ્ઞાન કેટલું? કોઈ ધર્મ ગ્રન્થ, કોઈ પુસ્તક, કોઈ શાળા આત્મા અને પરમાત્માથી માહિતગાર કરાવી નહીં શકે. એ પોતે જ કરવું રહ્યું, ખેર ! સાંભળ્યું છે કે પ્રેમ વ્યકિતની બાહય સુંદરતા નથી જોતો. પણ આંતરીક સુંદરતાને અનુભવે છે. છતાં દરેક ને રાજકુમાર અને રાજકુમારી જ જોઈએ છે. નાનપણમાં દાદા પાસે વાર્તા સાંભળ્યા પછી એક જ વિચાર આવતો કેમ સુંદર પરી? કેમ રાજકુમાર, કોઈ સામાન્ય વ્યક્તિત્વ વાળો પુરુષ કે સ્ત્રી કોઈના હીરો કે સ્વપ્ન પરી ના હોઈ શકે? માનસપટલ પર નાનપણથી સુંદર પરી, રાજકુમારી, રાજકુમાર થોપી બેસાડેલા હોય એ પુખ્ત થાય ત્યારે અચાનક એને સભાન કરવામાં આવે કે બેટા બાહ્ય સુંદરતા કરતાં આંતરિક સુંદરતા એ જ પ્રેમ. તો આટલા વર્ષો શું એ વાર્તા માત્ર વાર્તા જ હતી?

કેમ કોઈએ એવી વાર્તા નથી લખી, કોઈ લેખકે

કે બેડોળ, જાડી, કાળી ચામડી વાળી સ્ત્રી માટે એક રાજકુમારે યુદ્ધ કર્યું એની આંતરિક સુંદરતા જોઈને.

શું કોઈની આંતરિક સુંદરતા ને મહેસુસ કરી શકીએ એ લેવલ છે આપણામાં?

જે દિવસે વ્યક્તિની ઓળખમાં સુંદરતા ને નજર અંદાજ કરવામાં આવશે ત્યારે પ્રેમની ખરી વ્યાખ્યા સર્જાશે.



એમ પણ બને !
પારૂલ અમિત

ત્યાં સુધી બધું મિથ્યા, દરેક ને પ્રેમ સુંદરતા સાથે જ જોઈએ છે. ભલે એ પ્રેમ ટકાઉ હોય કે ના હોય. પ્રેમ કરવો સહેલો છે. પરંતુ પ્રેમને સમજવો એટલો જ મુશ્કેલ છે. હું માનું છું ત્યાં સુધી મુશ્કેલ વસ્તુ પ્રેમ હોઈ જ ના શકે? જ્યાં સરળ હોય બધું જ એકમય હોય એ જ પ્રેમ. પણ પ્રેમ પાછો ત્યાં જ ટકે જ્યાં આપણી લાગણીને સમજનાર અને આપણી ખામીઓને સ?વીકારનાર હોય, બાકી પ્રેમ સાઈડ માં રહી જાય અને રિસામણે જતી વ્યક્તિ બીજી સાઈડે.

ગમતું પાત્ર ગમતું બધું કરવા દે એટલે પ્રેમનું ઊભરું ઉભરાઈ આવે, અને સહેજ કંઈક આડું અવળું મરજી વિરુદ્ધ થયું, કેમ? શું કામ? આમ કેમ જેવું આધિપત્ય આવી જાય એટલે એજ ઊભરૂ સમી જાય અને એમાં ગાબડું પડી જાય. વિશ્વમાં જો સૌથી ટૂંકી આવરદા હોય તો પ્રેમ ની.. અને લાંબામાં લાંબી તો એ પણ પ્રેમની.

ઘરના મંદિરમાં રાધા કૃષ્ણની પૂજા કરતાં માબાપ દીકરા, દીકરીના પ્રેમના દુશ્મન પણ હોય.

ત્યાં પ્રેમની ભાષા અલગ અને પોતાના સંતાન માટે અલગ. કદાચ એ જાણતા હશે કે પોતાની કુખે જન્મેલ સંતાન કૃષ્ણ કે રાધા ના લેવલે ના જ અવતરે. પ્રેમની ઘણી વ્યાખ્યાઓ છે.

અથવા ઘણી બધી વસ્તુમાં પ્રેમને આવરી લેવામાં આવ્યો છે.

ઘણી ભ્રમિત વ્યાખ્યાઓ ને મગજ માં ગાંઠ બાંધીને ફર્યા છીએ આપણે એમાંની એક ગાંઠ એટલે સપના ની દુનિયા, પેલા રાજકુમાર ની વાર્તા જેવું. શું પ્રેમ ધારણ કરી શકાય, શું એ વધે કે ઘટે? રોકડ ની જેમ આપી શકાય કે લઈ શકાય. મેં તને આપ્યો એટલે તું મને બદલામાં આપ. ના આપી શકે તો પાછો આપ. કારણ પ્રેમ જો નિરાકાર હોય તો પ્રેમના બદલામાં પ્રેમ માંગી જ ના શકાય. પણ અહીંયા તો વર્ષોથી આ જ ચાલતું આવ્યું છે. ગમ્યું એટલે ટક્યું.બાકી બીજે જોડાયું. નરું સત્ય.

કોઈ વસ્તુ કે વ્યક્તિ પરનું આકર્ષણ અને આપણી અમુક અપેક્ષાઓ તથા જરૂરિયાતોને સંતોષવા બંધાયેલો સંબંધ એટલે પ્રેમ.

પ્રેમની વ્યાખ્યા દરેકના દૃષ્ટિકોણથી અલગ પડે છે જે ખરેખર પ્રેમની સુંદરતા છે કારણ કે તેનો એક અર્થ નથી હોતો. પ્રેમ એટલે બલિદાન જે સંબંધને ગૌરવ આપે છે. પ્રેમ એટલે સમર્થન જે પ્રતિભાને પ્રેરિત કરે છે. પ્રેમ લાગણી પ્રેમ હોઈ શકે, કાંઈક એવી કે જેના આવવાથી આપણા જીવનમાં પરિવર્તન આવી જાય. દુનિયાની તમામ સમસ?યાઓનું નાની લાગવા લાગે, કાંઈક એવુ કે જેના આવવાથી જીવનનું તમામ દુઃખ સાવ નિમ્?ન બની જાય અને જીવન જીવવું સહેલુ બની જાય.

બહું ઓછા લોકોને આવા ટકાઉ પ્રેમનો અનુભવ થતો હોય છે. બહું ઓછા લોકોને આવો અલૌકીક સ?નેહ મળે છે.

ખરેખર પ્રેમ શું એ જાણવું હોય અને અનુભૂતિ કરવી હોય તો તમારા પ્રેમીની હા માં હા કરવાનું ટાળી જોજો.. પ્રેમ ની ઉંમર અને પ્રેમનું અસ્તિત્વ પરખાઈ જશે એક જ ક્ષણમાં.

ખરા અર્થમાં પ્રેમની કોઈ વ્યાખ્યા જ નથી.

તમારી ક્રિયા અને પ્રતિક્રિયા જ તમારા પ્રેમને વર્ણવે છે.

# 'બાયોએકોસ્ટિક' એટલે કે પૃથ્વી પર વિહરતા જીવોની ધ્વનિની દુનિયા

ના નિરાશ હો, ના ચિંતા કર,
ના હતાશ હો, ના પીછે મુડ,
નિરંતર આગે બઢ તૂ રાહી,
મંજિલેં રાહેં દેખ રહીં

- અનુકેશ

વ્યક્તિના દિલો-દિમાગમાં જ્યારે કોઈ બાબતની લગની લાગે છે અને જ્યારે તે વ્યક્તિ અને તેનું ચિત્ત એ પ્રવૃત્તિમાં ગળાડૂબ બની જાય છે ત્યારે, અણધાર્યા પરિણામો સહજ રીતે પ્રાપ્ત થાય છે. આજે એક એવા જ યુવાનની વાત કરવી છે જે તૈયાર કેડીએ ચાલવાને બદલે ચીલો ચાતરવાની હામ રાખે છે. આ વાત છે કાઠીયાવાડના અમરેલીની સાવ લગોલગ આવેલા સલડી ગામના એક વિપ્ર યુવાનની. મળો વિરલ જોશીને, એક સાવ સીધો-સાદો ચશ્મિશ છોકરો અને આમ જ બજારમાં મળી જઈએ તો કોઈ ખાસ નોંધ ન લેવાય . . . પણ આ છોકરાની પર્યાવરણ પ્રત્યેની લગની અને પક્ષીઓ પ્રત્યેનો પ્રબળ લગાવ છે અને તે જ તેની તાકાત છે.

વર્ષો પૂર્વે અમરેલીના એક તરવરીયા યુવાન જિગ્નેશ કાલાવડિયાનો ફોન આવ્યો. કહે મારે સાપ રેસ્ક્યુ કરતા શેખવું છે. મેં કહ્યું કે તમને અમરેલીમાં જ કોઈ જાણકાર અને બીજાને શિખવવા જેટલું મોટુ મન ધરાવતા મિત્ર સથે ગોઠવી દઉં. તપાસ કરી તો બે ત્રણ મિત્રોએ કહ્યું ''વિરલાને સોંપી દ્યો!'' હવે ત્યારે તો હું પણ વિરલાને ઓળખતો નહી. એનો નંબર મેળવીને વાત કરી, એકદમ સરળતાથી હા પાડી દીધી એણે. જોગાનુજોગ મારે ટૂંક સમયમાં જ અમરેલી જવાનું થયું. હું ને વિરલ મળ્યા ઘણી વાતો કરી તો ખબર પડી કે અમે તો આમ કુટુંબીઓ થઈએ છીએ! પણ કૂટુંબ સાઈડમાં રહી ગયું પછી તો. કેટલીય વાર અમરેલી ગયો પણ મારો અને આ 'વિરલા'નો મેળ જ ન પડે.

પછી ધીમે ધીમે વિરલની ફેસબૂક પોસ્ટ્સ અને અન્ય જગ્યાએ થી ખ્યાલ આવ્યો કે વિરલ બર્ડકોલ એટલે કે પક્ષીઓના અવાજો રોકોર્ડ કરવાના કામમાં માત્ર ૧૭ વર્ષની ઉંમરે સ્વેચ્છાએ લાગ્યો છે. અમે સાવ નાના હતા ત્યારે જસદણ ગામમાં મારા પિતાજીના એક મિત્ર અસગરભાઈને મળવાનું થયેલું. અસગરભાઈ પ્રકૃતિપ્રેમમાં એટલા મય બની ગયેલા કે આજીવન એકાંત અને એકલા જ જીવ્યા.




આ અસગરભાઈના પ્રકૃતિપ્રેમને જોઈને જસદણના રાજવી આલા ખાચર સાહેબે અસગરભાઈને એક એકર જમીન નજીકના 'બાખલવડ ખાતે આપેલી. એમણે તે ટૂકડાનું નામ પાડેલું ''ગોડ'સ એકર''! આ ગોડ્સ એકર ખાતે અમે અસગરભાઈના વિવિધ પ્રાણીઓના રેકોર્ડેડ અવાજો સાંભળેલાં, તેમાં સમુદ્રની ગહેરાઈમાં વસતી બ્લ્યુ-વ્હેલ માછલીના વ્હેલ સોંગ્સ સાંભળીને મંત્રમુગ્ધ થઈ ગયેલા.

વિરલ ફેસબૂક પોસ્ટમાં જંગલમાં ડિરેક્શનલ બીમ એન્ટેના લઈને રેકોર્ડિંગ કરતો હોય એવા ફોટો જોઈને ખ્યાલ આવેલો કે અમરેલીના નાનકડા ગામ સલડીનો આ ''વિરલો'' હવે તેની લગનને કારણે દેશમાં જ નહીં, પરંતુ વિશ્વમાં પણ નામ કાઢશે. મજાની વાત એ છે કે ગુજરાતના કોઈ પક્ષીપ્રેમીને જે ન સુઝ્યું એ આ વિરલાને સુઝ્યુ. મજાની વાત એ છે કે બર્ડ કોલ રેકોર્ડ કરવા પ્રકૃતિના અનેક ધ્વનિઓમાંથી માત્ર જરૂર હોય એ જ પક્ષીના અવાજને પકડીને સ્પષ્ટ રીતે રેકોર્ડ કરી શકે તેવા બૂમ માઈક્સ, ટેલીસ્કોપિક માઈક નામના વિદેશી સાધન-સરંજામ અત્યંત મોંઘા આવતા હોવાથી ''વિરલા''એ દેશી સાજ-સરંજામો, કબાડી માર્કીટમાંથી શોધેલા ઈલેક્ટ્રોનિક સ્પેરપાર્ટનો ઉપયોગ કરીને પોતાની જન્મ-જાત કોઠાસૂઝથી દેશી સાધનો વિકસાવ્યા અને લાગ્યો ગમતા કામે.



જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

કોઈ જાતના સરકારના પ્રોત્સાહન કે સપોર્ટની અપેક્ષા વગર પોતાની લગન અને કોઈને ન વિચારેલી જોખમી વાટ પર વિરલ ચાલી નીકળ્યો. એક એક ડગલું ભરાતુ ગયું અને એક એક શિખરો સર થતા ગયા. આજે વિરલ તિરુપતી ખાતે આવેલી ''ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એડ્યુકેશન એન્ડ રીસર્ચ''માં પ્રોજેક્ટ એસોસીએટ તરીકે કાર્યરત છે. હાલમાં જ એણે એન્વાયર્નમેન્ટ સાયન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. પરંતુ મજજાની વાત એ છે કે પોતાના અભ્યાસના વિષયમાં ડીગ્રિ મળે તે પહેલા જ ''વિરલા''ને પોતાના પર્યાવરણના અવાજોના વિજ્ઞાન એટલે કે ''બાયો-એકોસ્ટિકસ''માં કરેલા અજોડ કામ અને પ્રદાન માટે સન ૨૦૧૫માં ભારતનો પ્રતિષ્ઠિત એવોર્ડ ''સેંચ્યુરી એશિયા યંગ નેચરાલીસ્ટ'' અપાયો. આંતરરાષ્ટ્રિય કક્ષાએ નામના ધરાવતા ''ટેડેક્સ'' અટલે કે ટેકનોલોજી એન્ટરટેઈનમેન્ટ ડિઝાઈનમાં આમંત્રિત વક્તા બનીને વિરલે સાબિત કરી આપ્યું કે કોઈ ખરા દિલથી કંઈ કરવા ધારે તો ''પુરી કાયનાત તમારા સપના પુરા કરવા આવી જાય છે''. તાજેતરમાં અમેરિકાની પ્રતિષ્ઠિત સંસ્થા ''સેન્ટર ઓફ કન્ઝર્વેશન બાયો-એકોસ્ટિક'' દ્વારા વિરલને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને હાલ એ ત્યાં જ અનેક દેશોના પક્ષીવિદો સાથે એક સંશોધન કરી રહ્યો છે. હાલ અમેરિકામાં એનું સંશોધન ભારતના પક્ષીઓના અવાજોને ઓળખી પાડતું ઈલેક્ટ્રોનિક ડીવાઈસ બનાવવા પર કેન્દ્રિત છે. હવે પછીનું વિરલનું સપનું છે "બાયોએકોસ્ટિક" એટલે કે પૃથ્વી પર વિહરતા જીવોની ધ્વનિની દૂનિયા પર પી.એચ.ડી. કરવાનું. વિરલની આ યાત્રા સીધો સાદો એક જ સંદેશ આપે છે કે તમે જીવનમાં જે પણ કરો તેના પ્રત્યે તમારી પ્રતિબદ્ધતા તમને સફળતાની રાહે અવશ્ય લઈ જાય છે, પરંતુ જરૂર હોય તોએ એ છે સાતત્યપૂર્ણ પ્રયાસોની.

- ધ.ત્રિ.

**હેન્ડબ્રેક :**

"સમુદ્રનાં મોજાંઓના ઘુઘવાટ, ઝરણાંના લયમાધુર્યસભર ખળખળાટ, પંખીઓનાં ગીત અને વૃક્ષોની પર્ણઘટામાં વહેતા પવનની મધુર બંદિશોની શોધમાં મારો પ્રવાસ આગળ ચાલશે - ચાલતો રહેશે."

- જનક ત્રિવેદી.

djtrivedi@gmail.com
-૯૯૭૮૪૦૫૯૬૭